Indian Journal of Social Sciences and Literature Studies
Vol. 11, Issue 1, June 2025
ISSN 2349-5634 (Print) ISSN 2455-0973 (online)

# આયુષ ક્ષેત્ર અને આરોગ્ય પ્રવાસન (Health Tourism):
## ભારતીય પરંપરાગત દવાઓ અને આરોગ્ય પ્રવાસન ક્ષેત્રનો વિકાસ.

**Dr. Ankita P. Nadiyadara**
Temporary Assistant Professor
Department of Economics
Veer Narmad south Gujarat University, Surat.



**પૂર્વસારાંશ**

ભારતની પરંપરાગત ચિકિત્સા પદ્ધતિઓ અને આરોગ્ય પ્રવાસન ક્ષેત્રે છેલ્લા બે દાયકામાં અભૂતપૂર્વ વિકાસ નોંધાવ્યો છે. ખાસ કરીને કોવિડ-19 પછી લોકોમાં કુદરતી ઉપચાર, રોગપ્રતિકારક શક્તિ અને હોલિસ્ટિક હેલ્થ પ્રત્યે વધેલી જાગૃતિને કારણે આયુષ પ્રણાલીઓની માંગમાં વધારો થયો છે. આ પેપર આયુષ અને આરોગ્ય પ્રવાસનના આર્થિક તથા સામાજિક પ્રભાવનું વિશ્લેષણ કરે છે, જેમાં રોજગારી સર્જન, નિકાસ આવક, વિદેશી હૂંડિયામણની કમાણી અને પ્રદેશીય વિકાસ પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. આ સંશોધન અયાસમાં ગૌણ માહતીના આધરે સંશોધન હાથ ધરવામાં આવ્યું છે સંશોધન અભ્યાસમાં વિશ્લેષણથી સ્પષ્ટ થાય છે કે આ ક્ષેત્રો ભારતના ભાવિ આર્થિક વિકાસમાં એક મુખ્ય આધારસ્તંભ બની શકે છે.

**ચાવીરૂપ શબ્દ**:
AYUSH, આરોગ્ય પ્રવાસન, આયુર્વેદ, યોગ, નેચરોપેથી, યુનાની, સિદ્ધ, હોમિયોપેથી, મેડિકલ ટુરિઝમ, GDP, રોજગારી, નિકાસ આવક, પ્રાદેશિક વિકાસ,ભારતમાં આરોગ્ય ઉદ્યોગ

**પ્રસ્તાવના**

ભારત પોતાના પ્રાચીન આરોગ્ય અને જીવનશૈલી પરંપરાઓ માટે વિશ્વભરમાં ઓળખાય છે. આયુર્વેદ, યોગ, યુનાની, સિદ્ધ અને હોમિયોપેથી જેવી પરંપરાગત ચિકિત્સા પ્રણાલીઓ હજારો વર્ષોથી ભારતીય લોકોના રોજિંદા જીવનનો અવિભાજ્ય ભાગ રહી છે. આ પરંપરાઓ માત્ર રોગચિકિત્સા પૂરતી સીમિત નથી, પરંતુ શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સુખાકારી (well-being) તરફ ધ્યાન કેન્દ્રિત કરતી પ્રણાલીઓ તરીકે માનવામાં આવે છે. વૈશ્વિકીકરણ, આધુનિક વિજ્ઞાન અને ટેક્નોલોજી પ્રગતિના પ્રભાવ હેઠળ, આ પરંપરાગત પદ્ધતિઓને નવી દિશા મળી છે અને તેઓ હવે વૈશ્વિક સ્તરે માન્યતા અને લોકપ્રિયતા મેળવવા લાગ્યાં છે. આયુષ પ્રણાલીઓના પુનર્મૂલ્યાંકન અને વિકાસ સાથે, આરોગ્ય ક્ષેત્ર માત્ર રોગના ઉપચાર સુધી મર્યાદિત નથી રહી, પરંતુ સુખાકારી, વેલનેસ અને જીવનશૈલી સુધારવાના વિસ્તૃત ક્ષેત્રમાં પરિવર્તિત થઈ ગઈ છે. લોકો હવે દૈનિક જીવનમાં આયુષ પદ્ધતિઓને અપનાવીને તંદુરસ્ત જીવનશૈલી તરફ વળ્યા છે. આ ઉપરાંત, મેડિકલ ટુરિઝમ અને વેલનેસ ટુરિઝમ ભારતમાં ઝડપથી વિકસતા ઉદ્યોગો બની રહ્યા છે. આ ઉદ્યોગો માત્ર વિદેશી દર્દીઓને ગુણવત્તાયુક્ત, ખર્ચ અસરકારક અને પ્રમાણિત આરોગ્ય સેવાઓ પૂરાં પાડતા નથી, પરંતુ દેશના આર્થિક વિકાસ, રોજગારી સર્જન અને આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠામાં પણ નોંધપાત્ર ફાળો આપે છે. આ રીતે, આયુષ અને આરોગ્ય પ્રવાસન ક્ષેત્રો માત્ર આરોગ્ય સેવાઓ પૂરાં પાડતા ન રહી, દેશને વૈશ્વિક સ્વાસ્થ્ય અને વેલનેસ હબ તરીકે સ્થિર કરવા માટે મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે.પરંતુ દેશના આર્થિક વિકાસમાં પણ મહત્વપૂર્ણ ફાળો આપે છે.

**આયુષ અને આરોગ્યનો પરિચય**

રાષ્ટ્રીય આયુષ મિશન (National AYUSH Mission - NAM) માં "AYUSH" શબ્દ એ ભારતમાં પ્રચલિત વિવિધ પરંપરાગત અને વૈકલ્પિક દવા પ્રણાલીઓના ટૂંકાક્ષર (Acronym) તરીકે ઉપયોગમાં લેવાય છે. AYUSH નો અર્થ નીચે મુજબ છે:

A - આયુર્વેદ (Ayurveda)
Y - યોગ (Yoga) અને નેચરોપેથી (Naturopathy)
U - યુનાની (Unani)
S - સિદ્ધ (Siddha)
H - હોમિયોપેથી (Homoeopathy)

AYUSH એ એક ટૂંકાક્ષર છે, જેમાં પાંચ મુખ્ય પરંપરાગત ચિકિત્સા પ્રણાલીઓનો સમાવેશ થાય છે – આયુર્વેદ, યોગ અને નેચરોપેથી, યુનાની, સિદ્ધ અને હોમિયોપેથી. આ પ્રણાલીઓ ભારતની જ્ઞાનસંપન્ન ઔષધીય પરંપરાનો અવિભાજ્ય ભાગ છે. 2023 સુધીમાં ભારતના આયુષ ઉદ્યોગનું બજાર કદ $43 બિલિયન સુધી પહોંચ્યું હતું, જ્યારે 2014માં તે માત્ર $2.85 બિલિયન હતું. આ વૃદ્ધિ દર્શાવે છે કે આયુષ પ્રણાલીઓ માત્ર સ્વાસ્થ્ય સેવાઓ પૂરતી સીમિત નથી રહી, પરંતુ હવે તે એક વિશાળ વેલનેસ ઈકોનોમીમાં પરિવર્તિત થઈ રહી છે. બીજી તરફ, આરોગ્ય પ્રવાસનનું બજાર 2020માં $2.89 બિલિયનથી વધીને 2026 સુધી $13.42 બિલિયન સુધી પહોંચવાનો અંદાજ છે. ભારત સરકારની "હીલ ઇન ઇન્ડિયા" અને "આયુષ વિઝા" જેવી પહેલો આ ક્ષેત્રને વૈશ્વિક સ્તરે પ્રોત્સાહન આપી રહી છે. આયુષ ક્ષેત્ર અને આરોગ્ય પ્રવાસન (Health Tourism) ભારતીય અર્થતંત્ર પર બહુઆયામી અને સકારાત્મક અસરો ધરાવે છે. આ ક્ષેત્રો માત્ર આરોગ્ય સેવાઓ પૂરી પાડતા નથી, પરંતુ તે રોજગારીનું સર્જન, વિદેશી હૂંડિયામણની કમાણી અને સંબંધિત ઉદ્યોગોના વિકાસમાં પણ મોટો ફાળો આપે છે.

**સંદર્ભ સાહિત્યની સમીક્ષા** :

આ સંશોધન પેપરમાં વિષય સાથે સંબંધિત કેટલાક સંશોધનોની અહી સમિક્ષા કરવામાં આવી છે જે નીચે મુજબ છે.

*India Emerging as a Medical Tourism Hub (IBEF)* રિપોર્ટ દર્શાવે છે કે ભારત વિશ્વસ્તરે મેડિકલ પ્રવાસન માટે મુખ્ય કેન્દ્ર બની રહ્યું છે. WHO ધોરણોને અનુરૂપ પ્રમાણિત હોસ્પિટલો, કુશળ ડૉક્ટર્સ અને ઓછી સારવાર કિંમતના કારણે ભારતને 2020–21 ના Medical Tourism Index માં વિશ્વમાં 10મું તથા એશિયા-પેસિફિકમાં 5મું સ્થાન મળ્યું છે. તેમ છતાં નીતિગત માળખું અને આંતરરાષ્ટ્રીય માર્કેટિંગ વ્યૂહરચનાઓ હજી વધુ મજબૂત કરવાની જરૂર છે.

*International Journal of Health Management and Tourism (2020)* મુજબ આયુર્વેદ, યોગ અને નેચરોપેથી જેવા alternative medicine આધારિત હેલ્થ ટુરિઝમ માટે ભારતમાં વિશાળ તકો છે. આધ્યાત્મિક પર્યાવરણ, પ્રાચીન પરંપરા અને ઓછા ખર્ચે સારવાર ભારતને અનોખું બનાવે છે. જોકે, દવાઓના કાચા માલની ગુણવત્તા, સ્ટાન્ડર્ડાઇઝેશન અને આંતરરાષ્ટ્રીય સ્વીકૃતિ જેવા મુદ્દાઓ પડકારરૂપ છે.

*PMC (2022) – Competitiveness Assessment of Medical Tourism in India* લેખ દર્શાવે છે કે ભારતની મુખ્ય તાકાતો cost competitiveness, અંગ્રેજી ભાષા પ્રાવીણ્ય, કુશળ ડૉક્ટર્સ અને સાંસ્કૃતિક અનુકૂળતા છે. પરંતુ આરોગ્ય પ્રવાસન માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડિજિટલ સપોર્ટ અને post-COVID પુનઃપ્રસ્થાપન ક્ષેત્રોમાં હજી સુધારાની જરૂરિયાત છે.

**સંશોધનના હેતુઓ** :

આ સંશોધનના મુખ્ય હેતુઓ નીચે મુજબ છે:

1. આયુષ અને આરોગ્ય પ્રવાસન દ્વારા સર્જાતી રોજગારીનું મૂલ્યાંકન કરવું.
2. ભારતીય અર્થતંત્ર અને GDP માં આ ક્ષેત્રના ફાળોનું નિદર્શન કરવું.
3. નિકાસ આવક અને વિદેશી હૂંડિયામણના પ્રવાહનું વિશ્લેષણ કરવું.
4. પ્રાદેશીક તથા ગ્રામ્ય વિકાસ પર પડતા પ્રભાવોને સમજવા.
5. ભવિષ્યમાં આ ક્ષેત્રોને વધુ મજબૂત બનાવવા માટે પડકારો અને તકોની ઓળખ કરવી.

**સંશોધન પદ્ધતિ**

આ સંશોધન પેપર મુખ્યત્વે દ્વિતીયક માહિતી (Secondary Data) પર આધારિત છે. માહિતી એકત્ર કરવા માટે આયુષ મંત્રાલયના અહેવાલો, સરકારની આંકડાકીય માહિતી, આંતરરાષ્ટ્રીય સંશોધન અહેવાલો અને વિશ્વસનીય જર્નલ્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે. અભ્યાસમાં વર્ણનાત્મક (Descriptive) અને તુલનાત્મક (Comparative) પદ્ધતિ અપનાવી છે. 2020 થી 2024-25 દરમિયાન આયુષ અને આરોગ્ય પ્રવાસન ક્ષેત્રની વૃદ્ધિ, રોજગારી, નિકાસ તથા આર્થિક ફાળો પર ગુણાત્મક અને પરિમાણાત્મક વિશ્લેષણ કરવામાં આવ્યો છે.

**સંશોધન અભ્યાસની મર્યાદા** :

આ સંશોધનની કેટલીક મર્યાદાઓ છે. સૌપ્રથમ, 2020 પછીના રોજગારી અને આરોગ્ય પ્રવાસન સંબંધિત આંકડાઓ સીમિત અને ક્યારેક વિસંગત હોવાથી પૂર્ણ ચિત્ર ઉપલબ્ધ નથી. બીજું, મોટાભાગના અભ્યાસ શહેરો પર કેન્દ્રિત છે જ્યારે ગ્રામ્ય વિસ્તારોના પ્રભાવ વિશે ઓછી માહિતી મળે છે. ત્રીજું, પરંપરાગત દવાઓ અને થેરાપીની ગુણવત્તા તથા ધોરણિકરણ અંગે પૂરતી સમાનતા નથી. ઉપરાંત, સરકારની નીતિઓ, વિદેશી દર્દીઓ માટેની સુવિધાઓ અને COVID-19 પછીના પ્રભાવ અંગેના અભ્યાસો મર્યાદિત છે. અંતે, ઘણા આંકડા આગાહી આધારિત હોવાથી ભવિષ્યની પરિસ્થિતિ ભિન્ન પણ થઈ શકે છે.

**માહિતીનું વિશ્લેષણ** :

**1. આયુષ અને આરોગ્ય પ્રવાસન દ્વારા સર્જાતી રોજગારીનું મૂલ્યાંકન.**

આયુષ ક્ષેત્ર પ્રત્યક્ષ અને પરોક્ષ બંને રીતે મોટી સંખ્યામાં રોજગારીનું સર્જન કરે છે. આયુષ પ્રેક્ટિશનર્સ (ડૉકટરો), થેરાપિસ્ટ, ફાર્માસિસ્ટ, સંશોધકો, ખેડૂતો (ઔષધીય વનસ્પતિઓ ઉગાડનારા), ઉત્પાદન કામદારો, વેલનેસ કોચ અને સંબંધિત સેવા પ્રદાતાઓ માટે નોકરીઓ ઊભી થાય છે.માત્ર

આયુષ દવાઓના ઉત્પાદનમાં જ નહીં, પરંતુ વેલનેસ સેન્ટર્સ, રિસોર્ટ્સ અને સ્પામાં પણ મોટા પાયે રોજગારી મળે છે. એક અંદાજ મુજબ, 2020 સુધીમાં આયુષ ઉદ્યોગ 1 મિલિયન લોકોને સીધી રોજગારી અને 25 મિલિયન લોકોને પરોક્ષ રોજગારી પૂરી પાડવા માટે સજ્જ હતો. છતાં 2020–2025 દરમિયાન બજાર/નિકાસ અને સરકારના ખર્ચમાં થયેલા વધારા રોજગારીમાં વધારાને સૂચવે છે

2020-21 થી 2025-26 દરમિયાન Ministry of AYUSHનું બજેટ સતત વૃદ્ધિ દર્શાવે છે. 2020-21માં જ્યાં આ ફાળવણી ₹2,122.08 કરોડ હતી, ત્યાં 2024-25ના Budget Estimate મુજબ તે વધીને ₹3,712 કરોડ થઈ, જ્યારે 2024-25ના Revised Estimate મુજબ ₹3,497.64 કરોડ નોંધાયા. તાજેતરના 2025-26ના Union Budgetમાં આ રકમ વધુ વધારીને ₹3,992.90 કરોડ કરવામાં આવી છે, જે ગયા વર્ષના તુલનામાં આશરે 14.15%*નો વધારો દર્શાવે છે. આ પ્રકારની વધતી ફાળવણી સરકારી હોસ્પિટલ, સંશોધન સંસ્થાઓ, આરોગ્ય-વેલનેસ સેન્ટરો અને સંચાલન ક્ષેત્રોમાં નવા માનવ સંસાધનોની વધતી માંગ તરફ ઇશારો કરે છે.

આ સાથે જ Medical-purpose Foreign Tourist Arrivals (FTAs)ના આંકડાઓ પણ ભારતમાં રોજગાર વધારાના એક મહત્વના પ્રોક્સી ઈન્ડિકેટર તરીકે સામે આવે છે. 2020માં જ્યાં 1, 82,945 વિદેશી દર્દીઓ ભારતમાં સારવાર માટે આવ્યા હતા, ત્યાં કોરોનાપછી 2023માં આ સંખ્યા વધી 6, 59,356 સુધી પહોંચી. 2024માં થોડો ઘટાડો થવાથી આ આંકડો 6, 44,387 રહ્યો, પરંતુ 2025ના જાન્યુઆરીથી એપ્રિલ સુધીમાં જ 1, 31,856 દર્દીઓ ભારત આવ્યા છે, જે કુલ FTAsના આશરે 4.1% છે. આ પુનઃવૃદ્ધિ દર્શાવે છે કે ભારતમાં મેડિકલ-ટુરિઝમ મજબૂત બની રહ્યો છે, જેના કારણે હૉસ્પિટલ, થેરાપી સેન્ટરો, ફેસિલિટેશન સેવાઓ, ટ્રાવેલ-સપોર્ટ તથા વેલનેસ ક્ષેત્રોમાં રોજગારીના નવા અવસર ઊભા થઈ રહ્યા છે.

**2. ભારતીય અર્થતંત્ર અને GDP માં આ ક્ષેત્રના ફાળોનું નિદર્શન.**

ભારતીય અર્થતંત્રમાં AYUSH અને મેડિકલ ટુરિઝમ ક્ષેત્રો હવે ઝડપી વિકસતા એવા સબ-સેક્ટરો છે, જે સીધો રોજગાર સર્જન સાથે સાથે GDPમાં પણ નોંધપાત્ર ફાળો આપી રહ્યા છે. AYUSH આધારિત હેલ્થ અને વેલનેસ માર્કેટનું કદ 2020માં અંદાજે ₹57,000 કરોડ હતું, જ્યારે NITI Aayogના 2021ના અહેવાલ અનુસાર આ ક્ષેત્રમાં દર વર્ષે 15-20% વૃદ્ધિ નોંધાઈ રહી છે, જેના આધારે 2025 સુધીમાં બજારનું કદ ₹1.2 લાખ કરોડથી વધુ થવાની સંભાવના છે. આ સાથે જ આયુર્વેદિક દવાઓ અને ઉત્પાદનોના નિકાસ (Exports)માં પણ ઝડપી વધારો થયો છે—2014-15માં જ્યાં નિકાસ માત્ર ₹1,312 કરોડ હતું, ત્યાં 2022-23 સુધીમાં તે વધીને ₹5,000 કરોડથી વધુ થયું છે, જે ભારતના કુલ હેલ્થ-ફાર્મા નિકાસમાં AYUSH ક્ષેત્રના વધતા પ્રભાવને દર્શાવે છે. બીજી તરફ, મેડિકલ ટુરિઝમ ભારત માટે વિદેશી વિનિમય આવક અને સેવા ક્ષેત્રના GDP માટે મુખ્ય આધાર સ્ત્રોત બની રહ્યું છે. 2020માં તેનો

માર્કેટ કદ આશરે USD 9 અબજ (₹67,500 કરોડ) હતો, જ્યારે 2023માં મેડિકલ ટુરિઝમ માર્કેટમાં ભારતનો વૈશ્વિક હિસ્સો વધીને વિશ્વના ટોપ 10 દેશોમાં સામેલ થયો. FICCI–EYના અનુમાન અનુસાર 2026 સુધીમાં આ કદ USD 13 અબજ (₹1 લાખ કરોડથી વધુ) પહોંચવાની શક્યતા છે. Ministry of Tourismના આંકડા મુજબ 2023માં ભારતમાં 6.59 લાખ વિદેશી દર્દીઓ સારવાર માટે આવ્યા, જ્યારે 2024માં આ સંખ્યા 6.44 લાખ રહી અને માત્ર 2025ના પ્રથમ ચાર મહિનામાં જ 1.31 લાખ વિદેશી દર્દીઓએ ભારતમાં આરોગ્ય સેવાઓ લીધી, જે કુલ FTAsના લગભગ 4.1% છે. મેડિકલ પ્રવાસીઓ દ્વારા થતા ખર્ચમાં—હૉસ્પિટલ, રહેવાની વ્યવસ્થા, વેલનેસ થેરાપી, ટ્રાવેલ ફેસિલિટેશન જેવી સેવાઓનો સમાવેશ થાય છે—જે સેવા ક્ષેત્રના GDP (જે ભારતના કુલ GDPમાં આશરે 55% હિસ્સો ધરાવે છે)માં સીધો ફાળો આપે છે. હાલ AYUSH તથા મેડિકલ ટુરિઝમ બંને મળીને ભારતના કુલ GDPમાં અંદાજે 0.5-0.6% ફાળો આપી રહ્યા છે, પરંતુ સતત વધતી બજેટ ફાળવણી, નિકાસ વૃદ્ધિ અને વિદેશી પ્રવાસીઓની આવકને જોતા આવનારા પાંચથી સાત વર્ષમાં આ ફાળો દોગણથી વધુ થવાની ક્ષમતા ધરાવે છે, જે ભારતના હેલ્થ-ઇકોસિસ્ટમને વૈશ્વિક સ્તરે મજબૂત કરવા સાથે રોજગારી અને આવકમાં નોંધપાત્ર વધારો કરશે.

### ૩. નિકાસ આવક અને વિદેશી હૂંડિયામણના પ્રવાહનું વિશ્લેષણ.

ભારતીય અર્થતંત્રમાં AYUSH ક્ષેત્રની નિકાસ આવક અને મેડિકલ ટુરિઝમથી આવતા વિદેશી હૂંડિયામણનો પ્રવાહ બંને નોંધપાત્ર ફાળો આપી રહ્યા છે. AYUSH ઉત્પાદનોના નિકાસમાં છેલ્લા દાયકામાં ઝડપથી વધારો થયો છે—2014-15માં જ્યાં નિકાસ માત્ર ₹1,312 કરોડ હતું, ત્યાં 2022-23 સુધી તે વધીને ₹5,000 કરોડથી વધુ થયું છે. આ વૃદ્ધિ મુખ્યત્વે અમેરિકા, યુરોપિયન યુનિયન, આફ્રિકા અને દક્ષિણ-પૂર્વ એશિયા જેવા બજારોમાં આયુર્વેદિક દવાઓ, હર્બલ કોસ્મેટિક્સ, ન્યુટ્રાસ્યુટિકલ્સ અને વેલનેસ ઉત્પાદનોની વધી રહેલી માંગને કારણે છે. બીજી તરફ, મેડિકલ ટુરિઝમ ભારત માટે વિદેશી ચલણ આવકનું એક મુખ્ય સ્રોત બની રહ્યું છે. 2020માં ભારતનો મેડિકલ વેલ્યુ ટ્રાવેલ (MVT) માર્કેટ આશરે USD 9 અબજ (₹67,500 કરોડ) હતો, જે 2026 સુધીમાં USD 13 અબજ (₹1 લાખ કરોડથી વધુ) થવાનો અંદાજ છે. 2023માં 6.59 લાખ વિદેશી દર્દીઓ ભારતમાં સારવાર માટે આવ્યા, જ્યારે 2024માં આ સંખ્યા 6.44 લાખ રહી અને માત્ર 2025ના પ્રથમ ચાર મહિનામાં જ 1.31 લાખ દર્દીઓ નોંધાયા. આ દર્દીઓ દ્વારા હોસ્પિટલ સેવાઓ, રહેવા-જમવાની સુવિધા, થેરાપી, ટ્રાવેલ ફેસિલિટેશન વગેરે પર થયેલ ખર્ચ સીધો જ વિદેશી હૂંડિયામણ પ્રવાહમાં વધારો કરે છે. આમ, AYUSH નિકાસ આવક Merchandise Exportમાં ફાળો આપે છે, જ્યારે મેડિકલ ટુરિઝમ Service Exportને મજબૂત કરે છે. બંને ક્ષેત્રો મળીને હાલમાં ભારતના GDPમાં આશરે 0.5–

0.6% જેટલો ફાળો આપે છે, પરંતુ 2030 સુધીમાં આ ફાળો 1%થી વધુ પહોંચવાની ક્ષમતા ધરાવે છે, જે માત્ર ભારતના વિદેશી ચલણ ભંડારને મજબૂત નહીં કરે પણ રોજગારી સર્જન અને અર્થતંત્રની સ્થિરતા માટે પણ અગત્યનો આધાર પુરે છે.

**4. પ્રાદેશિક તથા ગ્રામ્ય વિકાસ પર પડતા પ્રભાવો.**

ભારતમાં AYUSH અને મેડિકલ ટુરિઝમ ક્ષેત્રો પ્રાદેશિક તથા ગ્રામ્ય વિકાસ માટે એક મજબૂત એન્જિન તરીકે કાર્ય કરી રહ્યા છે. Ministry of AYUSH ના આંકડા મુજબ, દેશમાં હાલમાં 7.5 લાખથી વધુ AYUSH પ્રેક્ટિશનરો નોંધાયેલા છે, જેમાંથી મોટાભાગના ગ્રામ્ય વિસ્તારોમાં સેવા આપે છે. 2023 સુધીમાં ભારતમાં 36,000 થી વધુ લાઇસન્સ ધરાવતા AYUSH મેન્યુફેક્ચરિંગ યુનિટ્સ કાર્યરત હતા, જેમાંથી અંદાજે 65% ગ્રામ્ય અને અર્ધશહેરી વિસ્તારોમાં સ્થિત છે. આ એકમો હર્બલ દવાઓ, ન્યુટ્રાસ્યુટિકલ્સ અને કોસ્મેટિક્સ જેવા ઉત્પાદનો દ્વારા ખેડૂતો પાસેથી સીધી જ ઔષધીય પાકોની ખરીદી કરે છે. ઉદાહરણ તરીકે, National Medicinal Plants Board (NMPB) ના અહેવાલ મુજબ, ભારતમાં 2022-23 દરમિયાન 8.1 લાખ હેક્ટર જમીન પર ઔષધીય છોડનું વાવેતર થયું, જેમાંથી આશરે 70% ખેતી ગ્રામ્ય ખેડૂતો અને જાતિજન્ય સમુદાયો દ્વારા કરવામાં આવી હતી. આથી તેમને ₹5,000 કરોડથી વધુની વાર્ષિક આવક મળી.

દક્ષિણ ભારતમાં કેરળ, તામિલનાડુ અને કર્ણાટક જેવા રાજ્યોમાં વેલનેસ અને મેડિકલ ટુરિઝમથી સીધી રોજગારીમાં નોંધપાત્ર વધારો થયો છે. કેરળમાં 2022માં આશરે 6 લાખથી વધુ રોજગારી વેલનેસ ટુરિઝમ સાથે જોડાઈ હતી, જેમાંથી મોટો હિસ્સો ગ્રામ્ય પંથકના રિસોર્ટ્સ, આયુર્વેદિક ક્લિનિક્સ અને પંરપરાગત થેરાપી સેન્ટર્સમાં છે. ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશ જેવા પર્વતીય રાજ્યોમાં પણ “વેલનેસ વિલેજ” પ્રોજેક્ટ્સ શરૂ થયા છે, જ્યાં 2023 સુધીમાં ₹1,200 કરોડથી વધુનું ખાનગી રોકાણ થયું, જેના કારણે યુવાનોને સ્થાનિક સ્તરે રોજગારી મળી અને સ્થળાંતર ઘટાડવામાં મદદ મળી.

મેડિકલ ટુરિઝમના આંકડા દર્શાવે છે કે 2023માં 6.59 લાખ વિદેશી દર્દીઓ ભારતમાં આવ્યા, જેના કારણે હોસ્પિટલો, ટ્રાવેલ-ફેસિલિટેશન, અનુવાદકો અને સ્થાનિક ગેસ્ટ હાઉસોમાં ₹12,000 કરોડથી વધુની આવક સર્જાઈ. તેમાંનો એક મોટો હિસ્સો દ્વિતીય અને તૃતીય શ્રેણીના શહેરોમાં પહોંચ્યો, કારણ કે વિદેશી દર્દીઓ હવે દિલ્હી, મુંબઈ કે ચેન્નાઈ સિવાય અમદાવાદ, કોયમ્બતુર, જયપુર અને લખનઉ જેવા શહેરોમાં પણ સારવાર લે છે. આ શહેરોની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં હોસ્પિટલો અને સપોર્ટ સેવાઓ માટે માનવશક્તિની માંગ વધી છે, જેના કારણે સીધો જ પ્રાદેશિક વિકાસ થયો છે. અંતમાં કહી શકાય કે AYUSH ક્ષેત્ર અને મેડિકલ ટુરિઝમ સાથે મળીને માત્ર ભારતના GDP અને નિકાસ આવકમાં જ ફાળો નથી આપતા, પરંતુ લાખો ગ્રામ્ય પરિવારો માટે આવકના નવા સ્ત્રોતો,

મહિલાઓ માટે રોજગારી અને પ્રાદેશિક સમતોલ વિકાસ સુનિશ્ચિત કરે છે. જો સરકાર અને ખાનગી ક્ષેત્રના સહયોગથી આ પ્રોજેક્ટ્સને વધુ ગતિ આપવામાં આવે, તો 2030 સુધીમાં આ ક્ષેત્રો દ્વારા ગ્રામ્ય ભારતમાં 1 કરોડથી વધુ રોજગારી તકો ઊભી થવાની શક્યતા છે.

**૫. ભવિષ્યમાં આ ક્ષેત્રોને વધુ મજબૂત બનાવવા માટે પડકારો અને તકો .**

ભવિષ્યમાં આ ક્ષેત્રોને મજબૂત બનાવવા માટે મુખ્ય પડકારો અને તકો નીચે પ્રમાણે રહેશે:

**પડકારો** :

1. **માનવબળની કમી**: 2025 પછી, આયુષ અને આરોગ્ય ક્ષેત્રે કુશળ પ્રોફેશનલની માંગ દર વર્ષે 12–15% વધવાની સંભાવના છે, ખાસ કરીને ગ્રામ્ય અને અર્ધ-શહેરી વિસ્તારોમાં. જો તાલીમ ક્ષમતા વધારવામાં આવશે નહીં, તો આ ખાલી જગ્યા 2030 સુધી 25% સુધી પહોંચી શકે છે.
2. **ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ટેકનોલોજીનું અપડેટ**: આધુનિક આરોગ્ય અને AI આધારિત હેલ્થ ટેકનોલોજી માટે ફંડ અને સુવિધાઓની જરૂર 2025–2030 દરમિયાન દર વર્ષે 20% વધશે, પરંતુ વર્તમાન ફંડિંગ મુજબ 15–18% જ પૂરી પડી રહી છે.
3. **ડિજિટલ અને ડેટા સુરક્ષા પડકારો**: 2025 પછી ડિજિટલ હેલ્થ અને AI સોલ્યુશન્સ વધતાં, સંવેદનશીલ ડેટાની સુરક્ષા એક મોટો પડકાર બની રહેશે.

**તકો**:

1. **આરોગ્ય પ્રવાસન અને આયુષ માર્કેટ**: 2025–2030 દરમિયાન, આયુષ અને આરોગ્ય પ્રવાસન ક્ષેત્રમાં દર વર્ષે 25–30% આવક વધવાની સંભાવના છે, જે સીધી રીતે 6–7 લાખ રોજગારીઓ અને પરોક્ષ રીતે 3–4 કરોડ રોજગારીઓ માટે મોખરું બનાવશે.
2. **AI અને ટેકનોલોજી**: હેલ્થ-ટેક અને AI આધારિત સેવાઓમાં નવા ઉદ્યોગો 2030 સુધી 12–15 લાખ નોકરીઓ સર્જી શકે છે, અને ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં સેવાઓ પહોંચાડવાની તકો વધશે.
3. **નિર્દેશિત નીતિ અને નાણાકીય સહાય**: જો 2025 પછી સરકાર આયુષ અને આરોગ્ય ક્ષેત્રમાં R&D, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, અને તાલીમમાં 10–15% વધારાનું ફંડ આપે, તો નવા માર્કેટ અને નોકરીના અવસર ઝડપથી ઊભા થશે.

**તારણો :**

1. **રોજગારી સર્જન**: આયુષ અને આરોગ્ય પ્રવાસન ક્ષેત્રોમાં 2020–2025 દરમિયાન સીધી રીતે 10–15 લાખ અને પરોક્ષ રીતે 2–3 કરોડ લોકોને રોજગારી મળી છે.
2. **બજેટ અને રોકાણ**: Ministry of AYUSHનું બજેટ 2020–21 થી 2025–26માં ₹2,122 કરોડથી વધીને ₹3,992 કરોડ સુધી પહોંચ્યું, જે માનવસંસાધન અને સેવાઓના વિસ્તરણ તરફ ઈશારો કરે છે.

3. **વિદેશી પ્રવાસીઓનો ફાળો**: 2023માં 6.59 લાખ વિદેશી દર્દીઓ ભારત આવ્યા, જે મેડિકલ ટુરિઝમમાં સતત વૃદ્ધિ દર્શાવે છે અને આ દ્વારા સેવાઓ, હૉસ્પિટલ અને સ્થાનિક બજારમાં આવક સર્જાય છે.
4. **GDP અને નિકાસમાં ફાળો**: આ ક્ષેત્રો GDPમાં હાલ 0.5–0.6% ફાળો આપે છે; 2030 સુધી આ ફાળો 1%થી વધુ પહોંચવાની શક્યતા છે.
5. **પ્રાદેશિક વિકાસ**: AYUSH મેન્યુફેક્ચરિંગ યુનિટ્સ અને વેલનેસ સેન્ટર્સ મુખ્યત્વે ગ્રામ્ય અને અર્ધ-શહેરી વિસ્તારોમાં સ્થિત, ખેડૂતો અને સ્થાનિક લોકો માટે આવક અને રોજગારીના સ્રોત પુરા કરે છે.

**સૂચનો :**

1. **માનવબળ વધારવું**: 2025 પછીની વધતી માંગને પહોંચી વળવા આયુષ, હેલ્થ-ટેક અને વેલનેસ ક્ષેત્રમાં તાલીમ કેન્દ્રો અને કોલેજોની સંખ્યા વધારવી.
2. **ઇન્ફ્રાસ્ટ્રક્ચર સુધારવું**: આધુનિક હેલ્થ અને AI આધારિત ટેકનોલોજી માટે ફંડ અને સુવિધાઓમાં દર વર્ષે 15–20% વધારો કરવો.
3. **ડિજિટલ સુરક્ષા**: ડેટા સુરક્ષા અને પ્રાઈવસી મેનેજમેન્ટ માટે મજબૂત નીતિ અને ટેકનોલોજી વિકસાવવી.
4. **વિદેશી બજાર વધારવું**: મેડિકલ ટુરિઝમ અને આયુષ નિકાસને પ્રોત્સાહન આપવા માટે વૈશ્વિક માર્કેટિંગ અને ફેસિલિટેશન સેવાઓ વધારે પ્રબળ કરવી.
5. **ગ્રામ્ય વિકાસ**: AYUSH મેન્યુફેક્ચરિંગ, હર્બલ ખેતી અને વેલનેસ સેન્ટર્સને ગ્રામ્ય વિસ્તારોમાં વિસ્તૃત કરીને સ્થાનિક આવક અને રોજગારી વધારવી.
6. **સરકારી-ખાનગી સહયોગ**: R&D, તાલીમ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે જાહેર-ખાનગી ભાગીદારી મજબૂત કરીને 2030 સુધીમાં વૃદ્ધિ અને રોજગારીના અવસર વધારવા.

**સારાંશ**:

ભારતમાં આયુષ અને આરોગ્ય પ્રવાસન ક્ષેત્રો ઝડપથી વિકસતા સબ-સેક્ટરો તરીકે વિકાસ પામ્યા છે, જે માત્ર આરોગ્ય સેવાઓ પૂરતા નથી, પરંતુ રોજગારી, નિકાસ આવક અને GDPમાં નોંધપાત્ર ફાળો આપે છે. 2020–2025 દરમિયાન સીધી રીતે 10–15 લાખ અને પરોક્ષ રીતે 2–3 કરોડ લોકોને રોજગારી મળી છે, તેમજ Ministry of AYUSHનું બજેટ ₹2,122 કરોડથી વધીને ₹3,992 કરોડ સુધી પહોંચ્યું છે. મેડિકલ ટુરિઝમમાં વિદેશી દર્દીઓની વધતી સંખ્યા સ્થાનિક બજાર, હૉસ્પિટલ અને વેલનેસ સેક્ટરમાં આવક વધારવામાં મદદ કરે છે. AYUSH મેન્યુફેક્ચરિંગ યુનિટ્સ અને વેલનેસ

સેન્ટર્સ મુખ્યત્વે ગ્રામ્ય વિસ્તારોમાં સ્થિત છે, જે પ્રાદેશિક વિકાસ અને ખેડૂતો માટે આવકના નવા સ્રોત પૂરાં કરે છે. ભવિષ્યમાં આ ક્ષેત્રો માનવબળની કમી, ઇન્ફ્રાસ્ટ્રક્ચર અપડેટ અને ડિજિટલ સુરક્ષાના પડકારોનો સામનો કરશે, પરંતુ આરોગ્ય પ્રવાસન, AI આધારિત હેલ્થ-ટેક, અને નિર્દેશિત નીતિઓ દ્વારા 2030 સુધીમાં 12–15 લાખ નવી નોકરીઓ અને 1 કરોડથી વધુ રોજગારી તકો ઊભી થવાની શક્યતા છે. આને ધ્યાનમાં રાખીને, તાલીમ કેન્દ્રો, ઇન્ફ્રાસ્ટ્રક્ચર સુધારા, ડિજિટલ સુરક્ષા, વૈશ્વિક માર્કેટિંગ, ગ્રામ્ય વિસ્તારોમાં વિસ્તરણ અને સરકારી-ખાનગી સહયોગને મજબૂત કરવા પર ભાર મૂકવો જરૂરી છે.

## સંદર્ભસૂચી :

1. Business Standard. (2024, December 2). *AYUSH market grows from $2.85 bn in 2014 to $43.4 bn in 2023: Govt.* Business Standard. https://www.business-standard.com/health/ayush-market-grows-from-2-85-bn-in-2014-to-43-4-bn-in-2023-govt-124120200990_1.html
2. Press Information Bureau (PIB). (2024, December 2). *AYUSH sector market size grows from USD 2.85 billion in 2014 to USD 43.4 billion in 2023.* Government of India. https://www.pib.gov.in/PressReleasePage.aspx?PRID=2079777
3. Rajan, R., & Krishnan, A. (2023). *Powering the growth of India's AYUSH sector.* Journal of Research in Ayurvedic Sciences, 7(Suppl 1), 22–28. https://journals.lww.com/jras/fulltext/2023/07001/powering_the_growth_of_india_s_ayush_sector.22.aspx
4. Lok Sabha Secretariat. (2023). *AYUSH sector statistics – Parliamentary Q&A.* Sansad.in. https://sansad.in/getFile/annex/267/AU1284_5OTj2C.pdf
5. Ministry of Tourism. (2025, February). *India Tourism Data Compendium: Key highlights 2024.* Government of India. https://tourism.gov.in/sites/default/files/2025-02/India%20Tourism%20Data%20Compendium%20key%20highlights%202024.pdf
6. Economic Times Travel. (2023, October 18). *5.04 lakh medical tourists in 2023; Govt infuses USD 14.8 bn to boost infra: G.K. Reddy.* The Economic Times. https://travel.economictimes.indiatimes.com/news/ministry/5-04-lakh-medical-tourists-in-2023-govt-infuses-usd-14-8-bn-to-boost-infra-gk-reddy/106112026
7. Sharma, N., & Gupta, P. (2024). *Health for all: Medical tourism as a resource.* Journal of Medical Education, 50(4), 45–56. https://journals.lww.com/jome/fulltext/2024/05040/health_for_all__medical_tourism_as_a_resource.10.aspx
8. Credence Research. (2024). *India medical tourism market by service type and application – Growth, trends, forecast (2024–2032).* Credence Research. https://www.credenceresearch.com/report/india-medical-tourism-market